## અમે જીજીઆરસી પર મારી અમારી સફળતાની મોહર,

# ને તમે ?



## સૂક્ષ્મ સિંચાઇ અપનાવેલ ખેડૂતોની

# સાફલ્ય ગાથાઓ...


**પુસ્તિકાનું નામઃ** અમે જીજીઆરસી પર મારી અમારી સફળતાની મોહર, ને તમે ?

**પ્રકાશકઃ** ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની (GGRC)
પો. ઓ. ફર્ટીલાઇઝરનગર, –૩૯૧૭૫૦
જિલ્લોઃ વડોદરા, ગુજરાત
ફોનઃ (૦૨૬૫) ૨૨૪૩૦૬૯
ટોલ ફ્રી નં.ઃ ૧૮૦૦ ૨૩૩ ૨૬૫૨
વેબ સાઇટઃ www.ggrc.co.in

**આવૃતિઃ** ડિસેમ્બર–૨૦૧૪

**ડિઝાઇનઃ** ટીમ જીજીઆરસી

**મુદ્રકઃ** ઇ.મેજીનેશન ડીઝાઇન્સ
૫૦૯/બી, એટલાન્ટીસ હાઇટ્સ,
સારાભાઈ મેઇન રોડ, ગેંડા સર્કલ પાસે,
વડીવાડી, વડોદરા
ફોન નંઃ ૦૨૬૫ ૨૩૩૭૮૦૮
ઇ–મેઇલઃ contact@emaginationdesigns.in



© GGRC
All rights reserved with the GGRC Ltd., Vadodara
Nobody can use the information in a part or as a whole without the permission from competent authority GGRC Ltd., Vadodara

Apro/jm/2014/08/26/dt

તારીખઃ ૨૬/૦૮/૨૦૧૪

# સંદેશ

ગુજરાત રાજ્ય કુદરતી સંસાધનોના સમુચિત ઉપયોગ થકી દ્વિતીય હરિત ક્રાંતિ લાવવામાં અગ્રેસર છે. સૂક્ષ્મ સિંચાઇ યોજનાના અમલીકરણના ખાસ હેતુ અર્થે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડની સ્થાપના કરવામાં આવી છે, જેથી સમગ્ર રાજ્યના ખેડૂતો સૂક્ષ્મ પિયત પધ્ધતિ વ્યાપક પ્રમાણમાં અપનાવી શકે.

કૃષિ વિકાસદરને જાળવી તેમાં સતત વૃદ્ધિ અર્થે ખેડૂતોમાં આધુનિક સિંચાઇ પધ્ધતિ એવી સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિનો વ્યાપ વધે તે માટે ગુજરાત સરકારે દૂરંદેશીપૂર્ણ અભિગમ અપનાવ્યો છે. સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની ટેકનોલોજી પાણીની બચત, ઊર્જા અને ખાતરના કાર્યક્ષમ ઉપયોગની સાથે સાથે ખેત ઉત્પાદન વધારવામાં સૌથી વધુ ફળદાયી નીવડી છે. આ ઉપરાંત પાક ઉત્પાદન પર થતી પર્યાવરણના બદલાવની અસર સામે પણ આ ટેકનોલોજીથી રક્ષણ મેળવી શકાશે. સૂક્ષ્મ પિયત પધ્ધતિના બહુવિધ લાભો કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ અને સરવાળે ખેડૂતોના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ દ્વારા રાજ્ય અને રાષ્ટ્રને અન્નક્ષેત્રે આત્મનિર્ભરતા ભણી દોરી જવા માટે સક્ષમ છે, ત્યારે સૌ સાથે મળી ટીપે ટીપે પાણી સિંચન દ્વારા પાકનું પોષણ કરીએ.

(આનંદીબેન પટેલ)
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



વડોદરા

તારીખઃ ૨૨/૧૨/૨૦૧૪

# સંદેશ

સરકારશ્રીના પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા મહતમ ખેત ઉત્પાદન ઓછા ખર્ચે થાય અને ખેડૂતની આવકમાં વધારો થાય તે દિશામાં રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને પ્રેરિત કરવા અને જળ શક્તિ ક્રાંતિ દ્વારા ગુજરાતમાં જળ સંચય અભિયાન ના ભાગ રૂપે સમગ્ર રાજ્યમાં એક સમાન ધોરણે સૂક્ષ્મ સિંચાઇ યોજનાનું અમલીકરણ થાય તે માટે જીજીઆરસીની સ્થાપના કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં આ યોજનાનો લાભ લીધો છે અને સરકારશ્રીના જળ સંચય અભિયાનમાં સહભાગી થયા છે. લાભાર્થી ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવવાથી થયેલ આર્થિક તેમજ સામાજિક લાભો અન્ય ખેડૂત મિત્રો માટે પ્રેરણા રૂપ બને તે માટે લાભાર્થી ખેડૂતોનાં મંતવ્યો આ આવૃતિમાં પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવું છું અને આશા રાખુ છું કે આ અનુભવોથી અન્ય ખેડૂતોને પ્રોત્સાહન મળશે અને તેઓ પણ જળ સંચય અભિયાનથી ખેતીને સધ્ધર બનાવી રાજ્યના તથા દેશના સર્વાંગી વિકાસમાં સહભાગી બનશે.



ડૉ. એસ. કે. નંદા IAS
અધ્યક્ષ, જીજીઆરસી

વડોદરા                                                                                    તારીખ: ૨૦/૧૨/૨૦૧૪

# સંદેશ

ગુજરાત રાજ્ય જેવા વરસાદની અનિયમિતતા વાળા પ્રદેશમાં સૂક્ષ્મ સિંચાઇ યોજના વડે પાણીના વિવેક પૂર્વક ઉપયોગ થકી જળ સંચયના અભિયાન માટે અમલી સૂક્ષ્મ સિંચાઇ યોજના રાજ્યના ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. ૨૦૦૫ થી અમલી આ યોજનામાં અત્યાર સુધી છ લાખથી વધારે ખેડૂતોએ ૧૦ લાખથી વધુ વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવીને જળ સંચયના સરકારશ્રીના અભિયાનને સફળ બનાવવા માટે અભિનંદનને પાત્ર છે.

આ યોજનાથી લાભાન્વિંત થયેલ ખેડૂતોના પોતાના અનુભવો આ પુસ્તિકામાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અમુક ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઈના ઉમદા જાળવણીથી ૧૬ –૧૬ વર્ષથી આ પદ્ધતિ ઉપયોગમાં લે છે, કેટલાક ખેડૂતોએ બજારની માંગને અનુરૂપ પાક પદ્ધતિ દાખલ કરી શક્યા છે, ઘણા ખેડૂતોએ ટપક પધ્ધતિના સથવારે વધારે જમીન સિંચાઇ હેઠળ લાવીને વધુ ઉત્પાદન મેળવી શક્યા છે અને કચ્છ જેવા સૂકા પ્રદેશ અને પાટણ જેવા જીલ્લામાં અર્ધસૂકા વિસ્તારમાં કલાકો સુધી વીજળી વાપરીને પરંપરાગત સિંચાઈની જગ્યાએ ટપક પદ્ધતિથી પાણીની સાથે વીજળીની બચત કરી છે. તો આશા છે કે અન્ય ખેડૂત મિત્રો પણ આ આવૃતિમાં દર્શાવેલ ખેડૂતોના અનુભવો જાણીને પોતે પણ સૂક્ષ્મ સિંચાઇ અપનાવીને સરકારશ્રીના જળ સંચય અભિયાનને સફળ બનાવશે એવી અભ્યર્થના.



આર. કે. સુગૂર IFS
સંયુક્ત વહીવટી સંચાલક, જીજીઆરસી

### સૂકી જમીન સિંચાઈ હેઠળ લાવી શકાઈ

# વધુ ઉત્પાદન, વધુ આવક



**ખેડૂતનું નામ :**

**પટેલ પસાભાઈ કમાભાઈ**

**રજીસ્ટ્રેશન નંબર :**

(SK-3221)

**સરનામું :**

**મુ. શેરપુર, તા. ઈડર, જિ. સાબરકાંઠા**
**મો. નંબરઃ ૯૪૨૮૩૧૩૫૮૫**



**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

**૧.૭૪ હેક્ટર**

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

**ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૦૭–૦૮)**

**પાક :**

**પપૈયા, ટામેટા અને કપાસ**

**અભિપ્રાય :**

**"સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનું આયુષ્ય કેટલું ? જાળવણી જેટલી સરસ એટલું આયુષ્ય વધારે આ કહેવું છે શ્રી પસાભાઈનું." ૨૦૦૭–૦૮માં ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી અને હાલમાં પણ પપૈયા, ટામેટા અને કપાસ જેવા પાકોમાં સફળતાપૂર્વક ઉપયોગ કરી રહેલ છે. ટપક પધ્ધતિમાં કોઈ જ અડચણ આવેલ નથી. છુટા પાણીની સરખામણીએ ટપકથી વધારે જમીન સિંચાઈ હેઠળ લાવી શક્યા, પરિણામે ઉત્પાદન વધ્યું અને સરવાળે નફો વધ્યો.**

# સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી
# ઉત્પાદનમાં સુનિશ્ચિતતા



**ખેડૂતનું નામ :**
ભટ્ટ વિજયકુમાર માણેકલાલ

**રજીસ્ટ્રેશન નંબર :**
(PTN-6240)

**સરનામું :**
મુ. માંડવી, તા. સમી, જી. પાટણ
મો. નંબરઃ ૯૦૧૬૫૭૭૭૯૯

**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**
૪.૫ હેક્ટર



**સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :**
ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૩)

**પાક :**
જીરું

**અભિપ્રાય :**
વાતાવરણના પ્રકોપ સામે જીરું જેવા સહનશીલ પાકના ઉત્પાદનમાં સુનિશ્ચિતતા મળી સૂક્ષ્મ સિંચાઈ થકી. ૪.૫ હેકટરમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ લગાવીને સમયસર અને સુનિશ્ચિત પાણીના જથ્થાથી શક્ય સિંચાઈના કારણે જીરું પાક વાવીને સારું ઉત્પાદન મેળવ્યું. પાટણ જેવા જિલ્લામાં જ્યાં પાણી ખુબ ઉંડા હોય ત્યારે વિજળીની બચત મુખ્ય બને અને એ શક્ય બન્યું માત્ર ટપક પધ્ધતિ થકી.



ટપક સિંચાઈ સાથે પાણીમાં દ્રાવ્ય ખાતરો (WSF)નો ઉપયોગ

# શ્રેષ્ઠ ખેડૂતનો એવોર્ડ મેળવ્યો

**ખેડૂતનું નામ :**

ભવાની હરજી જેઠા

**રજીસ્ટ્રેશન નંબર :**

(KCT-4286)

**સરનામું :**

મું. આણંદસર, તા. ભૂજ, જી. કચ્છ
મો. નંબર: ૯૮૭૯૨૫૧૩૯૫

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૧.૩ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૦)

**પાક :**

આંબા અને દાડમ



**અભિપ્રાય :**

કેસર કેરી અને દાડમના પાકમાં ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી અને પાણીમાં દ્રાવ્ય ખાતરો (WSF) નો ઉપયોગ કરી કેરીનો ઉત્તમ પાક મેળવ્યો અને તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ ખેડૂતનો એવોર્ડ મેળવ્યો. ૧૦૦% કાર્યક્ષમતાથી ખાતર આપવું હોયતો, પાણીમાં દ્રાવ્ય ખાતરો (WSF) ખુબજ ઉપયોગી છે.

### સારા પરિણામો જોતાં ફરી ૬ (છ) જ મહિનામાં

# તમામ જમીનમાં ટપક અપનાવી



**ખેડૂતનું નામ :**

ચૌધરી સરદારભાઈ જેસંગભાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**

(PTN-7832, BK-110220)

**સરનામું :**

મુ. મામવાડા, તા. સિદ્ધપુર, જી. પાટણ
મો. નંબરઃ ૯૮૭૯૩૦૨૨૪૧

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૨.૬૨ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૪)



**પાક :**

મરચાં

**અભિપ્રાય :**

ડાર્ક ઝોનમાં સમાવિષ્ટ આ તાલુકામાં સરકારશ્રીની ૧૦ ટકા વધારાની સહાય સાથે એક વાર ટપક અપનાવ્યાથી પ્રાપ્ત થયેલ પરિણામો વડે ઉત્સાહિત થઈ છ જ મહિનામાં બાકીની જમીન પર ટપક પદ્ધતિ અપનાવી. ડાર્ક ઝોન વિસ્તારમાં પાણી ફરી કટોકટી ન સર્જાય એ માટેના પ્રયાસમાં સહભાગીદાર થયા ટપક પદ્ધતિ અપનાવીને. મરચાંનાં પાકમાં બમ્પર ઉત્પાદન સાથે સિંચાઈની તમામ પદ્ધતિમાંથી સર્વશ્રેષ્ઠ એવી ટપક પદ્ધતિની સર્વોપરિતા સાબિત કરી. એક જ વર્ષમાં વસાવી શક્યા નવી બોલેરો કાર.



નવીન તકનીકી અપનાવવા માટે

# રાજયપાલશ્રી દ્વારા એવોર્ડ મળ્યો



**ખેડૂતનું નામ :**

દિલીપસિંહ બહાદુરસિંહ દેસાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**

(SRT-1484, 8691, 8731)

**સરનામું :**

મું. અંબોલી, તા. કામરેજ, જી. સુરત
મો. નંબરઃ ૯૪૨૬૮૮૩૭૦૮

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૭.૦ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૨)

**પાક :**

કેળ, મરચાં અને સુરણ

**અભિપ્રાય :**

એક વખત ટપક લીધા પછી ફરી તમામ વિસ્તારમાં ટપક સિંચાઈ અપનાવી. સુરત જેવા વધારે પાણી વાળા વિસ્તારમાં પણ ટપક જ કારગર છે એ સાબિત કર્યું. કેળ સાથે રતાળુ, આદુ અને હળદર જેવા પાકો આંતર પાક તરીકે લીધા અને સાથે કેળનાં મબલક ઉતારા માટે પરમ સન્માનનીય રાજયપાલશ્રી તરફથી સન્માનવામાં આવ્યાં. ખેતીમાં નવીન તકનીકી અપનાવાવ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી પણ એવોર્ડ મેળવ્યો.

## વર્ષ ૨૦૧૨-૧૩માં ટપક પદ્ધતિ અપનાવી

# ટપક સિવાય ખેતી અધૂરી



**ખેડૂતનું નામ :**

કાશીબેન લખમણભાઈ કોરાટ

**રજીસ્ટ્રેશન નંબર :**

(BVN-36705, BVN-36708)

**સરનામું :**

મુ. મોટા છારોડિયા, તા. ગારીયાધાર, જી. ભાવનગર

મો. નંબરઃ ૯૯૨૫૧૧૩૫૯૭

**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**

૩.૮૦ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૩)

**પાક :**

કપાસ



**અભિપ્રાય :**

વર્ષ ૨૦૧૨–૧૩માં ટપક પદ્ધતિ અપનાવી અને એનો પૂરે પૂરો ઉપયોગ કર્યો. એક જ વર્ષમાં અહેસાસ થયો કે ટપક સિવાય ખેતી અધૂરી છે. એના ફાયદા અને સાનુકૂળતાથી ધન્ય થયા. સરકારશ્રીની સહાયથી આ યોજના એક અદભુત યોજના પુરવાર થઈ. હવે એમ લાગવા માંડ્યું કે આટલા વર્ષો ટપક વગર કેમ કાઢ્યા ? આ પદ્ધતિ તો બહુ પહેલાં જ અપનાવવાની જરૂર હતી.

### ટપક પદ્ધતિના ચમત્કારિક પરિણામો

# આવકમાં પ્રોત્સાહક વધારો





**ખેડૂતનું નામ :**

કોળી વેરસીભાઈ રાજુભાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**

(SNR-1159/3318/4850)

**સરનામું :**

મુ. રાયસંગપર, તા. મુળી, જી. સુરેન્દ્રનગર
મો. નંબરઃ ૯૮૭૯૯૫૦૨૬૮

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૪.૦૦ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૦)

**પાક :**

કપાસ, દિવેલા

**અભિપ્રાય :**

સુરેન્દ્રનગર જેવા પાણીની અછતવાળા વિસ્તરામાં સરકારશ્રીની સૂક્ષ્મ સિંચાઈની યોજના આશીર્વાદ સમાન છે. આ વિસ્તારમાં પાણીની ખેંચને પહોંચી વળે અને સૂકી જમીનને નંદનવન બનાવે છે ટપક પદ્ધતિ. સતત ત્રણ વર્ષ સુધી થોડી થોડી જમીનમાં ટપક પદ્ધતિ અપનાવતા ગયા અને એના જ વધારાના નફાથી ખેત ઓજારો તો વસાવ્યા પણ સાથે સાથે ગોડાઉન, પાણીની ટાંકી, વાહન અને સુવિધાજનક રહેણાંક મકાન પણ વસાવી શક્યા એમની સફળતા જોઈ ગામના અન્ય ૮૧ ખેડૂતોએ પણ ટપક પદ્ધતિ વસાવી.

## કપાસ જેવા મુખ્ય પાક પછી

# ટૂંકા ગાળાના પાક શક્ય બન્યા



### ખેડૂતનું નામ :

**હરસુખભાઈ ગોપાલભાઈ સાવલિયા**

### રજીસ્ટ્રેશન નંબર :

(JND-70062)

### સરનામું :

**મુ. પ્રભાતપુર, તા. અને જી. જુનાગઢ**
**મો. નંબરઃ ૯૯૦૯૩૧૦૦૯૪**

### સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :

**૧.૧૬ હેક્ટર**

### સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :

**ટપક સિંચાઈ (વર્ષ ૨૦૧૩)**

### પાક :

**કપાસ, મગફળી અને તલ**



### અભિપ્રાય :

**''કાળી જમીનમાં છૂટા પાણીથી સિંચાઈ કરે તો પાણી ભરાઈ રહેતા પરિણામે છોડની વાનસ્પતિક વૃદ્ધિ વધારે થાય પણ જિંડવા ઓછા બેશે પરિણામે ઓછું ઉત્પાદન આવતું. ટપક વસાવ્યા પછી જરૂર પૂરતું ને યોગ્ય સમયે પાણી આપી શકાતું હોવાથી ઉત્પાદનમાં સારો વધારો નોંધાય છે. ચોમાસામાં મુખ્ય પાક ખરાબ થાય તો ટૂંકા ગાળાનો તલ જેવો પાક લઈ શકાય છે. કપાસની લંબાઈ અને ઘેરાવો વધી ગયા પછી ખેતરની અંદર જઈને ખાતર કે દવા આપવા મુશ્કેલ હતા પણ ટપકથી આ બધુ સરળ બન્યું છે.'' શ્રી ભીમજીભાઈ (હરસુખભાઈના ભાઈ)**



## ટપક સિંચાઈના કારણે રોગ જીવાતમાં
# નોંધપાત્ર ઘટાડો નોંધાયો

**ખેડૂતનું નામ :**
ઢીલા દેવાબેન મેનસુરભાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**
(BVN-2408)

**સરનામું :**
મુ. ખારી, તા. શિહોર, જી. ભાવનગર



**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**
૨.૩૩ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**
ટપક સિંચાઈ (વર્ષ ૨૦૦૭)

**પાક :**
કપાસ

**અભિપ્રાય :**
ટપક પદ્ધતિ ૨૦૦૭માં અપનાવી, સરકારશ્રીની સહાયના કારણે આ બધુ શક્ય બન્યું. એ વખતે ટપક સિંચાઈ વિશે બહુ જ્ઞાન નહીં પણ સાંભળેલ કે ટપક સિંચાઈથી પાણી અને મજૂરી બચે. વીજળી બચે અને રોગ જીવાતનો ફેલાવો ઓછો થાય. કપાસ જેવા પાકમાં રોગ જીવાતોનો ફેલાવો ખૂબ થાય અને દવાઓનો ખર્ચ પણ ખૂબ આવે. પણ ટપક સિંચાઈ અપનાવ્યા પછી અનુભવ્યું કે રોગ જીવાતો ઓછા આવે છે. પાક તંદુરસ્ત થાય છે. પરિણામે વધુ બજારભાવ મળે છે.

## દાડમ જેવા પાકમાં ઉત્સાહ વર્ધક પરિણામો લાવ્યા

# પાંચ લાખનો ચોખ્ખો નફો કર્યો



**ખેડૂતનું નામ :**

ડોડીયા સલમાનભાઈ નુરભાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**

(SK-52112)

**સરનામું :**

મુ. મહેરપુરા, પો. દેધરોટા, તા. હીંમત નગર જી. સાબરકાંઠા
મો. નંબરઃ ૯૪૨૬૨૮૩૪૪૦

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૧.૧૮ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૨)

**પાક :**

દાડમ, કપાસ, શાકભાજી (તુરીયા, ગલકા, ભીંડા)




**અભિપ્રાય :**

અભ્યાસ ૧૦ ધોરણ સુધીનો પણ તકનીકી જ્ઞાન ભારોભાર. આ તકનીકે સલમાનભાઈને બનાવ્યા ટપકના ખરેખરા વપરાશકર્તા. આસપાસના વિસ્તારના આદિવાસી ખેડૂતભાઈઓને પોતાના ખેતર પર ટપક સિંચાઈનું પ્રત્યક્ષ જ્ઞાન આપી પ્રોત્સાહિત કરી રહેલ છે. ૨૦૧૨માં ૧.૮૮ હેકટરમાં ટપક અપનાવી અને એ પછી એમના ભાઈ તેમજ પિતાશ્રીની જમીન મળી કુલ ૬ હેકટરમાં ટપક વસાવી. ટપકથી પકવેલ ઉચ્ચ ગુણવત્તા સભર દાડમના પાકથી પાંચ લાખ નો ચોખ્ખો નફો એકલા દાડમના પાકમાંથી લીધો.

## છૂટા પાણીથી ૧૦ કલાકે એક વીઘું પિયત કરી શકાતી

# ફુવારાથી ઓછા સમયમાં સિંચાઈ



### ખેડૂતનું નામ :

**ત્રિકમજી સોનાજી પટેલ**

### રજીસ્ટ્રેશન નંબર :

(BK-5799)

### સરનામું :

**મુ. વાસણા (જૂના ડીસા) તા. ડીસા, જી. બનાસકાંઠા**
**મો. નંબરઃ ૯૮૯૮૭૮૮૫૭૨**



### સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :

**૫.૩૯ હેક્ટર**

### સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :

**મિનિ ફુવારા (વર્ષ ૨૦૦૭)**

### પાક :

**બટાટા**

### અભિપ્રાય :

**કેન્સર જેવા ભયાનક રોગને હાથ તાળી આપી. જલસાથી જીવવાનો સ્વભાવ અને જલ્સા માટે જરૂરી સફળ ખેતી શક્ય હતી મિનિ ફુવારાથી અને બટાટાના પાકમાં મિનિ ફુવારા લગાવ્યા. છૂટા પાણીથી ૧૦ થી ૧૨ કલાકે એક વિઘામાં પિયત કરી શકાતી અને મિનિ ફુવારા લગાવ્યા પછી બધી જ જમીનમાં પિયત શક્ય બન્યું. મિનિ ફુવારાથી બટાટાની પેદાશ વધી અને ગુણવત્તા ખૂબ જ સારી મળે છે. પૉલિસ વાળા ચમકદાર બટાટા પાકે છે. પરિણામે બજારભાવ સરસ મળે છે.**

## સૂક્ષ્મ સિંચાઈથી નીંદામણનો પ્રશ્ન હલ થયો

# મજૂરી ખર્ચ ઘટ્યો એ નફામાં



**ખેડૂતનું નામ :**

અરવિંદભાઈ મોહનભાઈ પટેલ

**રજીસ્ટ્રેશન નંબર :**

(GN-151)

**સરનામું :**

મુ. નાંદોલ, તા. દહેગામ, જી. ગાંધીનગર
મો. નંબરઃ

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૧.03 હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક સિંચાઈ (વર્ષ ૨૦૦૫–૦૬)



**પાક :**

શાકભાજીના પાકો

**અભિપ્રાય :**

મજૂરોની અછત એટલે ખેતી કરવી દિવસે દિવસે મુશ્કેલ બનતી જાય છે. પણ ટપક પદ્ધતિથી ખેતી કરવાથી નીંદામણ ઓછું થાય છે. પરિણામે મજૂરોની ઓછી જરૂરિયાત. વળી પાણી પાવાની મજૂરી, ખાતર આપવાની મજૂરી એ બધાથી મુક્તિ મળી ટપક સિંચાઈ અપનાવવાથી. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી આટલી સરળ ન હતી અગાઉ. સપ્લાયરના માણસોને ઘરેથી જ ફોર્મ ભરી આપો અને જરૂરી દસ્તાવેજો આપો એટલે તરત કાર્યવાહી શરૂ. સપ્લાયર કંપનીઓ દ્વારા માલની ગુણવત્તા નક્કી થયા મુજબ મળે છે અને સર્વિસ પણ સમયસર મળે છે.



## મગ જેવા પાકમાં ટપકની ગોઠવણી કરી,

# મહત્તમ નફો કમાયા

**ખેડૂતનું નામ :**
કૌશિકભાઈ મનસુખભાઈ લુણાગરીયા

**રજીસ્ટ્રેશન નંબર :**
(RJT-63256)

**સરનામું :**
મુ. તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ
મો. નંબર: ૯૬૮૭૭૩૨૦૧૮



**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**
૧.૬૧ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :**
ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૪)

**પાક :**
મગ, કપાસ, ડુંગળી

**અભિપ્રાય :**
મગ પાકમાં ટપક પદ્ધતિ એટલા માટે અપનાવી કે થોડો નવો અનુભવ કરવો હતો. પરંતુ મગ પાક્યા પછી અનુભવ્યુ કે હારમાં વાવવામાં આવતા કોઈપણ પાક માટે ટપક પદ્ધતિ ખરેખર કારગર છે. ટપકથી હજી બીજો જ પાક લીધો છે પણ અનુભવ્યું છે કે મજૂરી, ખાતર અને પાણીની બચત ચોક્કસ પણે થાય છે. મહેનત એકદમ ઘટી ગઈ.

## કચ્છ જેવા સૂકા પ્રદેશમાં ટપક પદ્ધતિ

# એક વરદાન



**ખેડૂતનું નામ :**

રતનભાઈ જુમા સેડા

**રજીસ્ટ્રેશન નંબર :**

(KCT-15363)

**સરનામું :**

મુ. જરપરા તા. મુંદ્રા, જી. કચ્છ
મો. નંબરઃ ૯૪૨૮૪૭૦૧૪૪

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૦.૯૪ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૩)

**પાક :**

ખારેક અને ઘાસચારો



**અભિપ્રાય :**

કચ્છ જેવા ઓછા વરસાદવાળા પ્રદેશમાં ટપક પદ્ધતિ ખરેખર એક વરદાન સ્વરૂપ છે. ઓછા પાણીએ મબલક પાક અને ઓછા પાણીથી પાકતા અને બજાર ભાવમાં બધા પાકો થી વધારે નફો કરાવતા ખારેક જેવા પાકમાં ટપક પદ્ધતિ આદર્શ સિંચાઈ પદ્ધતિ છે.ટપકના કારણે ૧૫ HP ની જગ્યાએ ૧૨.૫૦ HP ની મોટરથી પિયત શક્ય બન્યું, પરિણામે વીજ બીલમાં સીધી જ બચત. પાણી પાવાની મજૂરી બચી તે નફામાં.



### સોળ વર્ષથી ટપક સિંચાઈનો ઉપયોગ

# જાળવણીનું અદ્ભુત ઉદાહરણ

## ખેડૂતનું નામ :

પ્રજ્ઞેશભાઈ રમેશભાઈ પટેલ

## રજીસ્ટ્રેશન નંબર :

(SRT-9510)

## સરનામું :

મુ. કઠોર તા. કામરેજ, જી. સુરત
મો. નંબરઃ ૯૮૨૪૧૭૭૦૫૬

## સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :

૪.૦ હેક્ટર



## સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૧-૧૨)

## પાક :

શેરડી અને કેળ

## અભિપ્રાય :

વર્ષ ૧૯૯૮માં વસાવેલ ટપક સિંચાઈ પદ્ધતિ આજે પણ સરસ કામ આપી રહી છે અને ૧૯૯૮માં ૪.૩૭ એકરમાં વસાવેલ ટપક સિંચાઈ પદ્ધતિથી આકર્ષાઈને વર્ષ ૨૦૧૧-૧૨માં બીજા ૧૦ એકર વિસ્તારમાં ટપક સિંચાઈ અપનાવી અને શેરડી અને કેળ જેવા પાકોમાં સફળતાપૂર્વક ઉપયોગ કરી રહેલ છે, અને સાબિત કર્યુ છે કે વધારે પાણી હોય તો પણ છોડને જરૂર પુરતું જ પાણી અપાય અને એ માટે ટપક પધ્ધતિ શ્રેષ્ઠ સિંચાઇ પધ્ધતિ છે.

સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી

# આગોતરું વાવેતર શક્ય બન્યું



**ખેડૂતનું નામ :**

હયાતભાઈ મીરાજી જીવા પરાશરા

**રજીસ્ટ્રેશન નંબર :**

(SRT-51225)

**સરનામું :**

મું. સિંધાવદર તા. વાંકાનેર જી. મોરબી

મો. નંબરઃ ૯૯૧૩૧૪૯૪૯૫

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૧.૨૧ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૩)



**પાક :**

કપાસ

**અભિપ્રાય :**

ટપક સિંચાઈથી સારા ઉગાવા (સ્ફુરણ) સાથેનું આગોતરું વાવેતર શક્ય બન્યું. બજારમાં ખેત પેદાશની વહેલી એન્ટ્રીનાં કારણે સારા બજારભાવ પ્રાપ્ત થયા. ટપક પદ્ધતિ અને કપાસ પાકની જુગલ બંધી રંગ લાવી અને ઓછા પાણી થી વધારે વિસ્તાર સિંચાઈ હેઠળ લાવી શકાયો, પરિણામે વધારે પાક લઈ શક્યા અને આવકમાં વધારો થયો.

## મિકે. ઈજનેરની નોકરી છોડી અને

# અપનાવી આધુનિક ખેતી



### ખેડૂતનું નામ :
કિરણભાઈ ચેલાભાઈ પટેલ

### રજીસ્ટ્રેશન નંબર :
(GN-558)

### સરનામું :
મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર
મો. નંબરઃ ૯૪૨૬૩૫૮૮૬૩



### સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :
૧.૮૪ હેક્ટર

### સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :
ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૦૭)

### પાક :
તડબૂચ  અને પપૈયા

### અભિપ્રાય :
ઈજનેરની નોકરી છોડી અને ટપક પદ્ધતિ વડે આધુનિક ખેતી તરફ આકર્ષાઈ તડબૂચ અને પપૈયા જેવા પાકો દ્વારા જવલંત સફળતા મેળવી અને ગુજરાત સરકારશ્રીના ખેતીવાડી ખાતા તરફથી ''કૃષિના ઋષિ'' એવોર્ડ મેળવ્યો. ટપક પધ્ધતિનો સતત ઉપયોગ કરે છે અને પાઈપો વાળીને મુકવી પડી નથી.પધ્ધતિ વાપરવાથી નહીં મુકી રાખવાથી વધારે ખરાબ થાય છે.

## એક સમાન માપના ફળ,

# પરિણામે સારા બજાર ભાવ



### ખેડૂતનું નામ :
રમેશભાઈ વાલજીભાઈ હીરાણી

### રજીસ્ટ્રેશન નંબર :
(AMR-43155)

### સરનામું :
મુ. અને તા. રાજુલા, જી. અમરેલી
મો. નંબરઃ ૯૯૦૪૧૧૫૪૦૩

### સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :
૦.૮૨ હેક્ટર

### સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :
ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૦૭)



### પાક :
ડુંગળી, કપાસ

### અભિપ્રાય :
સૂક્ષ્મ સિંચાઈના સથવારે રોગ જીવાતનો ઓછો ઉપદ્રવ અને એક સમાન ફળ મળવાથી ડુંગળીનો સારો અને વધારે પાક મળ્યો. બજારમાં સાખ વધી અને પરિણામે સારા બજારભાવ પ્રાપ્ત થયા. ટપક સિંચાઈથી એક સરખી પિયત થતી હોવાથી છોડની વૃદ્ધિ પણ એક સમાન રહે છે. પાણી વાળવાની ઝંઝટ મટી, ફર્ટીગેશન પણ ટપક સાથે થાય છે જેથી ખાતર આપવાની મજૂરીથી બચ્યા.



## જળ સંચય અભિયાનમાં
# મહિલા ભાગીદારી

**ખેડૂતનું નામ :**
વંદનાબેન વલ્લભભાઈ વાદી

**રજીસ્ટ્રેશન નંબર :**
(1415-GS-1882)

**સરનામું :**
મુ. ધવા, તા. તાલાળા, જી. ગીર સોમનાથ
મો. નંબરઃ ૯૯૯૮૩૪૭૩૨૨



**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**
૧.૨૧ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :**
ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૪)

**પાક :**
આંબા, જુવાર (ઘાસચારા માટે)

**અભિપ્રાય :**
નવ નિર્મિત એવા ગીર સોમનાથ જિલ્લામાં, સરકારશ્રીના જળ સંચય અભિયાનમાં મહિલા ભાગીદારી નોંધાવી. સામાજિક કાર્યકર્તા અને ટપક સિંચાઈના લાભાર્થી ખેડૂત એવા વંદનાબેન અન્ય મહિલા ખેડૂતો માટે પ્રેરણાદાયી બન્યા છે. જમીન વેંચાતી લીધી એ ખેડૂતે જ ટપકની ભલામણ કરી અને અમે નવી જમીનમાં ટપક પધ્ધતિ વસાવી.

## ૧૯૯૬માં પોતે ટપક પદ્ધતિ અપનાવી અને અન્ય

# ખેડૂતો માટે બન્યા પથદર્શક



**ખેડૂતનું નામ :**

પટેલ મગનભાઈ મોરારભાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**

(SRT-3809)

**સરનામું :**

મુ. પો. અમલસાડી, તા. પલસાણા, જી. સુરત
મો. નંબરઃ ૯૮૭૯૩૦૨૨૪૧

**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**

૧.૬૮ હેક્ટર



**સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૦૯)

**પાક :**

કેળ

**અભિપ્રાય :**

૧૯૯૬ના વર્ષમાં ટપક સિંચાઈ અપનાવી એક સાહસિક પગલું ભર્યું. ચાર વિઘામાં લગાવેલ ટપકના પરિણામોથી ધાર્યું ઉત્પાદન મેળવી બાકીના ૭ વિઘા અને પછી બાકીની તમામ જમીનમાં ટપક લગાવી કુલ 30 વિઘામાં ટપક સાથે કેળના પાકમાં ધાર્યા પરિણામો પ્રાપ્ત કરી રહેલ છે અને બધીજ ટપક પદ્ધતિ સરસ કામ આપી રહી છે.જાળવણી અને ખેતીમાં સાહસિકતાનું એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડેલ છે.

## ટપક સિંચાઈથી પાક પદ્ધતિ બદલી, ખેતીવાડીનું જ્ઞાન

# ઘરની ખેતીમાં વાપર્યું



**ખેડૂતનું નામ :**

મયુરભાઈ નરસિંહભાઈ પાનસૂરિયા

**રજીસ્ટ્રેશન નંબર :**

(JND-69546)

**સરનામું :**

મુ. તા. મેંદરડા, જી. જુનાગઢ
મો. નંબરઃ ૯૩૭૭૯૨૨૮૮૧



**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**

૨.૮૮ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :**

ટપક પદ્ધતિ (વર્ષ ૨૦૧૨–૧૩)

**પાક :**

તલ, મગફળી, કપાસ, ધાણાં

**અભિપ્રાય :**

ખેતી વાડીમાં અનુસ્નાતક સુધીનો અભ્યાસ પુર્ણ કર્યો, પણ ખેવના એજ હતી કે ખેડીવાડીનો જ્ઞાન ઘરની ખેતીમાં જ વાપરવો અને એમણે તલ જેવા પાકમાં ટપક સિંચાઈથી ખૂબ સફળતા મેળવી. છૂટા પાણીની સરખામણીએ હકટરે રૂ।. ૬૦,૦૦૦/–નો વધારાના ચોખ્ખા નફા સાથે ૫૧ ટકા વધુ નફો કર્યો. પ્રથમ બે પાકમાં જ ટપકની કિંમત વસૂલ થઇ ગઇ. પાકની પસંદગી સમયની માંગ પ્રમાણે કરી શક્યા.

## ટપક પદ્ધતિથી નફો વધ્યો,

# ૩૦૦ વીઘા જમીનના માલિક બન્યા



**ખેડૂતનું નામ :**

ગોરધનભાઈ ફુરજીભાઈ ગોયાણી

**રજીસ્ટ્રેશન નંબર :**

(SRT-1778/1693)

**સરનામું :**

મુ. તડકેશ્વર, તા. માંડવી, જી. સુરત



**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૬.૨૨ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક સિંચાઈ (વર્ષ ૨૦૦૭)

**પાક :**

તડબુચ

**અભિપ્રાય :**

તડબુચના પાકમાં સૌથી વધારે મુશ્કેલી એ છે કે જ્યાં ફળ જમીનને અડકેલો હોય ત્યાં જો ભેજ હોય તો ફળ કહોવાઈ જાય છે. ટપક સિંચાઈથી પાણી મૂળ વિસ્તારમાં જ રહેતું હોવાથી કહોવાવવાની મુશ્કેલી દૂર થઈ. પરિણામે ઉત્પાદન પણ વધ્યું. જમીન ભરભરી  રહે છે અને તાપ પણ બરાબર લાગવાથી જમીનમાં ફૂગનું પ્રમાણ ઘટે છે. પરિણામે તંદુરસ્ત છોડ અને સારું ઉત્પાદન મળે છે. પાક ઉત્પાદન વધવાથી નફો વધ્યો અને પરિણામે નવી નવી જમીન ખરીદતા હવે ૩૦૦ વીઘાના માલિક બની શક્યા.

## વિસ્તરણ અધિકારીની નોકરી છોડી

# પોતે સૂક્ષ્મ સિંચાઈ અપનાવી






**ખેડૂતનું નામ :**

લીલીયા રશીદાબેન યુનુશભાઈ

**રજીસ્ટ્રેશન નંબર :**

(AMR-14413)

**સરનામું :**

મુ. ઝર તા. જી. અમરેલી
મો. નંબરઃ ૯૫૩૭૮૧૫૨૧૫

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૧.૨૬ હેક્ટર (૨૦૧૦) કૂલ ૧૦ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક પદ્ધતિ

**પાક :**

આંબા અને કપાસ

**અભિપ્રાય :**

જાતે વિસ્તરણ અધિકારી હતા. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી અને ખેતીથી ખૂબ જ પ્રભાવિત હતા. વિસ્તરણ અધિકારીની નોકરી છોડી અને ખેતી તરફ વળ્યા. ટપક સિંચાઈ જાતે અપનાવી અને ઘરના અન્ય સભ્યોને ટપક અપનાવવા સમજાવ્યા અને કુલ ૧૦ હેકટરમાં ટપક અપનાવી. વિસ્તરણ શિક્ષણના જાણકાર હોવાથી ગામના બીજા ઘણા બધા ખેડૂતોને ટપક અપનાવવા સમજાવી શક્યા અને ગામની ૧૨૫ થી ૧૫૦ હેકટર જમીન સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી શકાઈ.

પોતે ટપક અપનાવી અને

# ભાઈઓને પણ ટપક તરફ વાળ્યા



**ખેડૂતનું નામ :**

**કાછિયા નયનભાઈ નટવરભાઈ**

**રજીસ્ટ્રેશન નંબર :**

(NMD-1567)

**સરનામું :**

**મુ. રાજપીપળા, તા. નાંદોદ, જી. નર્મદા**



**સૂક્ષ્મ સિંચાઇનો વિસ્તાર :**

**૧.૬૨ હેક્ટર**

**સૂક્ષ્મ સિંચાઇનો પ્રકાર :**

**ટપક સિંચાઈ (વર્ષ ૨૦૦૯)**

**પાક :**

**કેળ**

**અભિપ્રાય :**

**વર્ષ ૨૦૧૨માં ટપક પદ્ધતિ વસાવી. નર્મદા જેવા જીલ્લામાં પાણીની અછત ન હોય પણ છોડને જરૂરિયાત પ્રમાણે જરૂરી પ્રમાણમાં પાણી આપવું એ શક્ય બન્યું માત્ર ટપક પદ્ધતિથી જ. છૂટા પાણી થી કેળનો વિકાસ ઓછો થતો પણ જ્યારથી ટપક સિંચાઈથી ખેતી કરતાં થયાં ત્યારથી કેળનો વિકાસ ખૂબ જ સારો થાય છે. પરિણામે ફળ મોટા ને લૂમ મોટી મળે છે. ઉત્પાદનમાં ખૂબ વધારો થયો. આ પ્રત્યક્ષ અનુભવના કારણે મોટા ભાઇએ પણ ૭ હેકટરમાં ટપક સિંચાઈ અપનાવી છે.**

## જાળવણી માટે કોબીજમાં ૧૦ કિલો બોરોન આપવું પડતું

# હવે ૨૦૦ ગ્રામ બોરોનની જ જરૂર



**ખેડૂતનું નામ :**

નાથાભાઈ કલ્યાણભાઈ વાઘજીયાણી

**રજીસ્ટ્રેશન નંબર :**

(KCT-1787)

**સરનામું :**

મુ. મેઘપર, તા. ભુજ, જી. કચ્છ



**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૩.૫૨ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક સિંચાઈ (વર્ષ ૨૦૦૭)

**પાક :**

કોબીજ અને ટામેટા

**અભિપ્રાય :**

છૂટા પાણીતી ફક્ત ત્રણ એકરમાં પિયત શક્ય હતું. ટપક લગાવ્યા પછી બારે બાર એકરમાં પિયત શક્ય બન્યું. કચ્છ જેવા સૂકા પ્રદેશ માટે ટપક સિંચાઈપદ્ધતિ એ ખેતી માટેની જીવાદોરી છે.

છૂટા પાણીથી પિયત કરતાં ત્યારે કોબીજના પાકમાં ૧૦ કિલો બોરોનની જરૂરિયાત રહેતી જેથી દડો ફાટે નહીં. હવે ટપક લગાવ્યા પછી ૨૦૦ ગ્રામ બોરોનની જરૂરિયાત પડે છે. ટામેટાની ગુણવત્તા સુધરે છે પરિણામે બજાર ભાવ પણ સારા મળે છે.

## વિઘે કપાસ ૨૦ થી ૨૫ મણ થતું
# ટપકથી ૩૫ થી ૪૦ મણ પાકે છે



**ખેડૂતનું નામ :**

જયંતિભાઈ કાનજીભાઈ પટેલ

**રજીસ્ટ્રેશન નંબર :**

(SNR-7038)

**સરનામું :**

મુ. કોંઢ, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર
મો. નંબરઃ ૯૯૨૫૭૪૨૩૭૫

**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

૪.૩૨ હેક્ટર

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

ટપક સિંચાઈ (વર્ષ ૨૦૧૧)

**પાક :**

કપાસ, દિવેલા, વાલોડ પાપડી



**અભિપ્રાય :**

વીસ વર્ષ પહેલાં ૨૦૦ ફૂટે પાણી હતું તે હવે ૫૦૦ ફૂટ ઊંડા ગયા છે, પરિણામે ૨૦ એકરની જગ્યાએ ૬ થી ૭ એકરમાં પિયત થઈ શકતું. ટપક સિંચાઈ અપનાવ્યા પછી હવે ૧૫ એકરમાં સિંચાઈ શક્ય બનેલ છે. અને ટપકના કારણે દરેક છોડને એક સરખી માત્રામાં પાણી મળે છે. ઢાળવાળી જમીનમાં પણ એક સરખું પાણી મળી રહેતું હોઈ છોડની એક સમાન વૃદ્ધિ થાય છે. પરિણામે સારા બજાર ભાવ મળી રહે છે.

છૂટા પાણીની પિયત સાથે કપાસ વિઘે ૨૦ થી ૨૫ મણ પાકતું તેની જગ્યાએ ટપકથી ૩૫ થી ૪૦ મણ પાકે છે.

## ટપકની સાથે ગ્રીન હાઉસમાં હાથ અજમાવ્યો

# પાણીમાં (WSF)નો ઉપયોગ



**ખેડૂતનું નામ :**

**પટેલ વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ (તેજલભાઈ–પુત્ર)**

**રજીસ્ટ્રેશન નંબર :**

(PM-7677)

**સરનામું :**

**મુ. ઘુસર તા. કાલોલ, જી. પંચમહાલ**
**મો. નંબરઃ ૯૮૭૯૦૨૭૬૦૨**



**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

**૦.૭૪ હેક્ટર**

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

**ટપક (વર્ષ ૨૦૧૨)**

**પાક :**

**કેપ્સિકમ, કાકડી, રતાળુ**

**અભિપ્રાય :**

**ગ્રીન હાઉસ સાથે ટપક પદ્ધતિ થી કેપ્સિકમ પકવે છે. GSFC ના વોટર સોલ્યુબલ ફર્ટિલાઈઝર્સનો ઉપયોગ કરીને અનુભવ્યું કે ૧00% દ્રાવ્ય ખાતરોના વપરાશથી ખાતરોનો વ્યય ઓછો થાય છે ખાતરની અસર છોડની વૃદ્ધિ પર તરત જ નજરે પડે છે. ઓછા પાણીથી અને ઓછા સમયમાં પિયત થાય છે. કાકડીનું પણ વાવેતર કરીને બજારની માંગ પ્રમાણે પાક લે છે.**

### છૂટા પાણી કરતાં ટપક સિંચાઈથી

# ચીકુનો ફળ મોટો આવે છે



## ખેડૂતનું નામ :

હરેશભાઈ ભીખુભાઈ નાયક

## રજીસ્ટ્રેશન નંબર :

(NVS-6947)

## સરનામું :

જુ. ગણદેવા તા. ગણદેવી, જી. નવસારી
મો. નંબરઃ ૯૩૨૭૪૬૯૧૮૫



## સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :

૨.૪૮ હેક્ટર

## સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :

ટપક સિંચાઈ

## પાક :

ચીકુ

## અભિપ્રાય :

શરૂઆતના સમયમાં જ્યારે ચીકુનો પાક નાનો હતો ત્યારે સુરણ જેવા શાકભાજીના પાક આંતર પાક તરીકે લેવા શક્ય હતા અને લીધા પણ. હવે જ્યારે ચીકુના ઝાડ મોટા થઈ ગયા છે ત્યારે ફક્ત ચીકુનો જ પાક છે. ટપક સિંચાઈથી ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ શક્ય બન્યો. નીંદામણની કોઈ જ સમસ્યા રહી જ નહીં. એક ખેડથી ચાલી જાય છે, જેથી એ પણ ખર્ચ ઘટી ગયો. છૂટા પાણી કરતાં ટપક સિંચાઈથી ચીકુનો ફળ મોટો આવે છે પરિણામે બજાર કિંમત સારી ઉપજે છે. એકરે અંદાજે રૂા. ૧,૩૨,૦૦૦ જેટલો નફો થાય.



## મિનિ ફુવારાથી પાક પદ્ધતિ બદલી

# લાવ્યા ઉત્સાહ વર્ધક પરિણામો

**ખેડૂતનું નામ :**

**રોજીયા ભીખાભાઈ દેવાયતભાઈ**

**રજીસ્ટ્રેશન નંબર :**

(SNR-23197)

**સરનામું :**

**મુ. કળમાદ, તા. મૂળી, જી. સુરેન્દ્રનગર**
**મો. નંબરઃ ૯૭૧૨૦૪૭૧૦૦**



**સૂક્ષ્મ સિંચાઈનો વિસ્તાર :**

**૧.૪૮ હેક્ટર (ઘરના અન્ય સભ્યોનો ૧૦.૪૦ હે. વિસ્તાર)**

**સૂક્ષ્મ સિંચાઈનો પ્રકાર :**

**મિનિ ફુવારા (વર્ષ ૨૦૧૨-૧૩)**

**પાક :**

**મગફળી, તલ, ધાણા, ગુવાર**

**અભિપ્રાય :**

**શ્રી ભીખાભાઈએ મિનિફુવારા વસાવ્યા એ પહેલા માત્ર કપાસ અને દિવેલાની જ ખેતી કરતા અને અડધી જમીનમાં જ સિંચાઈ શક્ય હતી. મિનિ ફુવારા વસાવ્યા પછી તમામ જમીનમાં સિંચાઈ શક્ય બની. કપાસ અને દિવેલાની જગ્યાએ મગફળી, તલ, ધાણા, ગુવાર જેવા પાકોમાં પણ ખેતી શક્ય બની પરિણામે બજારની માંગ પ્રમાણે અન્ય કયાં પાકમાં સારા ભાવ આવી શકે એવા પાકોનું વાવેતર શક્ય બન્યું. કોઠા સૂઝથી પાકોની પસંદગી કરી અને પોતાને અભણ ગણાવતા શ્રી ભીખાભાઈની કોઠાસૂઝ ભણેલાને પણ શરમાવે એવી છે તે સાબિત કર્યું.**

## :: નોંધ ::

## :: નોંધ ::